પરિપત્ર :-

સમય મર્યાદા

જિલ્લા નાયબ નિયામક ( વિકસતી જાતિ ) ની કચેરી
જિલ્લા સેવા સદન, જુની કોર્ટ બિલ્ડીગમાં,
બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા,સુરત

ફોન : ૦૨૬૧-૨૪૬૦૬૯૮ e-mail : d.dirsurat@gmail.com

નં.જિનાનિ/વિજા/ મેરીટ કમ મીન્સ લઘુમતી/૨૦૧૭-૧૮/૧૪૭૪ તારીખ : ૨૮-૦૮-૨૦૧૭

પ્રતિ,
આચાર્યશ્રી,
........................ જિ.સુરત

વિષય: ભારત સરકારશ્રીના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય,નવી દીલ્હી દવારા અમલીત મુસ્લીમ,ખ્રિસ્તી,શીખ,પારસી બૌધ્ધ અને જૈન લઘુમતીના વિદ્યાર્થીઓ માટે મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તી યોજના.

ઉપરોક્ત વિષય અન્વયેના ભારત સરકારશ્રીના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય,નવી દિલ્હીના પત્ર નં.F.NO. ૯/૨૧/૨૦૧૭-SS તા.૨૨-૦૮-૨૦૧૭ માં આપવામાં આવેલ સુચના મુજબ લઘુમતીના વિદ્યાર્થીઓ માટેની પ્રિ-મેટ્રીક, પોસ્ટ મેટ્રીક અને મેરીટ કમ મિન્સ શિષ્યવૃત્તી માટે વર્ષ ૨૦૧૭-૧૮ માં ઓનલાઇન અરજી કરનાર દરેક વિદ્યાર્થીએ તેઓના માતા-પિતાની ગત વર્ષની વાર્ષિક આવકનુ પ્રમાણપત્ર સક્ષમ અધિકારી એટલેકે મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી પાસેથી મેળવી પોતાની પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા,કોલેજ કે સંલગ્ન યુનિવર્સિટીમાં જયાં આવક માટે **Self Declaration** રજુ કરેલ હોય તેના બદલે ઉપરોક્ત વાર્ષિક આવકના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. રૂા. ૫૦,૦૦૦/- કરતા વધુ શિષ્યવૃત્તીમાં ઉપર મુજબ જ આવકનુ પ્રમાણપત્ર **Upload** કરવાનુ રહેશે.

તેમજ આ શિષ્યવૃત્તી યોજનાનુ **Online** જે પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા,કોલેજ કે સંલગ્ન યુનિવર્સિટી પોતાના **NSP** ના **2.0 User ID Password** નો ઉપયોગ કરી **Online** અરજીઓનુ તેને મળેલ હાર્ડકોપીના આધારે વેરીફીકેશન કરે ત્યારે ઉપરોક્ત સુચના મુજબ **Self Declaration** ના બદલે મામલતદાર, તાલુકા વિકાસ અધિકારીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મેળવીને કરે તે માટે તમામ શૈક્ષણિક સંસ્થાઓને જણાંવવામાં આવે છે.

૧) જે વિદ્યાર્થીઓએ અગાઉ શૈક્ષણિક સંસ્થામાં અરજી સાધનિક કાગળો સાથે હાર્ડકોપી રજૂ કરી હોય, તેમણે વાર્ષિક આવકના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ શૈક્ષણિક સંસ્થામાં હવે પછી રજૂ કરવાના ફરજીયાત છે.

૨) જે વિદ્યાર્થીઓએ હાલ પણ શૈક્ષણિક સંસ્થામાં અરજીઓ સાધનિક કાગળો સાથે હાર્ડકોપી રજુ કરવાની બાકી હોય તેઓએ વાર્ષિક આવકના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સાથે શૈક્ષણિક સંસ્થામા અરજી રજૂ કરવાની ફરજીયાત છે.

(signature)
જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ, સુરત